# રિઝર્વ બેંકની પોલીસીમાં વ્યાજદર યથાવત

મુંબઈ,તા. ૧

અપેક્ષા મુજબ જ આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજને ચાવીરુપ પોલીસી રેટ યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો. રિટેલ ફુગાવો હજુ પણ સાનુકુળ સ્થિતિમાં નથી જેથી રાજને કેટલાક સાવધાનીપૂર્વકના પગલા આજે લીધા હતા. આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષા રજૂ કરતા રઘુરામ રાજને રેપોરેટ અથવા તો શોર્ટટર્મ લેન્ડિંગ રેટને યથાવત આઠ ટકા રાખવાનો નિર્ણય કર્યો હતો. સાથે સાથે કેશ રિઝર્વ રેશિયો (સીઆરઆર)ને યથાવત ચાર ટકા રાખવાનો નિર્ણય કરાયો હતો. બીજી બાજુ રિવર્સ રેપોરેટને પણ યથાસ્થિતિમાં રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. રિવર્સ રેપોરેટને સાત ટકાના દરે યથાવત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જો કે, રઘુરામ રાજને લિક્વીડીટીને વધારવા અને શેરબજારમાં ઉથલપાથલને રોકવા માટે કેટલાક પગલાની જાહેરાત કરી હતી. રાજને તમામ લોકોને આશ્ચર્યચકિત કરીને આજે પગલા લીધા હતા. આરબીઆઈએ ૨૦૧૪-૧૫માં જીડીપી ગ્રોથનો અંદાજ ૫.૫ ટકા મુક્યો છે. આમા જણાવવામાં આવ્યું છે કે, વર્ષ ૨૦૧૪માં વર્તમાન ખાતાકીય ખાદ્ય જીડીપીના બે ટકા સુધી થઈ જશે. ભારતનો ગ્રોથ રેટ છ ટકાથી નીચે રહેશે. ૨૦૧૪-૧૫માંરિકવરીની વાત પણ આમાં કરવામાં આવી છે. પોલીસી સમીક્ષા જારી કરવામાં આવ્યા બાદ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. આરબીઆઈએ તેના ચાવીરૂપ રેપો રેટને આઠ ટકાના દરે યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે.ગયા સપ્તાહમાં એક અગ્રણી સમાચાર સંસ્થાએ કરેલા પોલમાં તમામ ૫૩ અર્થશાસ્ત્રીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવેલા અભિપ્રાય મુજબ જ નિર્ણય કરવામાંઆવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે સપ્ટેમ્બરમાં



આરબીઆઈના ગવર્નર તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ રઘુરામ રાજને રેપો રેટમાં ત્રણ વખત વધારો કર્યો છે. રાજને કુલ ૭૫ બેઝિક પોઈન્ટનો વધારો કર્યો છે. આરબીઆઈ સીપીઆઈ ફુગાવાને જાન્યુઆરી ૨૦૧૬ સુધી છ ટકાના સ્તરે લાવવા માંગે છે. પોલીસી નિવેદનમાં રાજને કહ્યું છે કે જો ફુગાવો ઘટશે તો સ્થિતીમાં સુધારો થશે. માસિક આધાર ઉપર હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સને લઈને વાર્ષિક ફુગાવો ફેબ્રુઆરી મહિનામાં ૪.૬૮ ટકા હતો જ્યારે કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ ઉપર આધારિત રિટેલ ફુગાવો ૨૫ મહિનાની નીચી સપાટીએ એટલે કે ૮ ટકા હતો. ફુગાવા ઉપર અંકુશ મુકવાના હેતુસર આરબીઆઈએ જાન્યુઆરી મહિનામાં ચાવીરુપ રેપોરેટમાં ૦.૨૫ ટકાનો વધારો કર્યો હતો.આરબીઆઈ દ્વારા રેપો રેટ યથાવત રાખવામાં આવ્યા બાદ બજાર પર તેની કોઈ અસર થઈ ન હતી. રેપો રેટ આઠ ટકાના સ્તરે યથાવત રહેતા લોનના દર હાલ પ્રમાણે જ રહેશે. રૂપિયાની સપાટીને કોઈ એક સ્તરે લાવવા માટેના કોઈ પ્રયાસો કરવામાં આવી રહ્યા નથી.આને લિને કોઈ દરમિયાનગીરી કરવાનો તેમણે ઈન્કાર કર્યોછે. ૨૮મી જાન્યુઆરીના દિવસે છેલ્લી નાણાકીય નીતિ સમીક્ષા જારી કરવામાં આવી હતી જેમાં રેપો અને રિવર્સ રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરવામાં આવ્યો હતો. આ વખતે મોટાભાગના અર્થશાસ્ત્રીઓ માની રહ્યા હતા કે, રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. રાજને ઉમેર્યુ હતું કે, આરબીઆઈની સમગ્ર નીતિ મોંઘવારીને કાબૂમાં લેવાની છે. ખાદ્યાન અને ફ્યુઅલ મોંઘવારીમાં ઘટાડાના પરિણામ સ્વરુપે ફેબ્રુઆરીમાં હોલસેલ મોંઘવારીનો દર ખટીને ૪.૬૮ ટકા થઈ ગયો હતો જ્યારે કન્ઝ્યુમર ફુગાવાનો દર ૨૫ મહિનાની નીચી સપાટીએ એટલે કે ૮.૧૦ ટકા થઈ ગયો હતો. જાન્યુઆરી ૨૦૧૫ સુધી કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સમાં ઘટાડો થઈ શકે છે.

## મોદી વાજપેયીથી વધુ સારા વક્તા નથી : ઉમા

નવી દિલ્હી,તા. ૧

ભાજપમાં પારસ્પરિક ખેંચતાણનો દોર જારી રહ્યો છે. હવે પાર્ટીના વરિષ્ઠ નેતા ઉમા ભારતીએ પણ પીએમ પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી ઉપર



આકરા પ્રહાર કર્યા છે અને કહ્યું છે કે, અટલ બિહારી વાજપેયી કરતા મોદી ખુબ પાછળ છે. નરેન્દ્ર મોદી કરતા વાજપેયી ખુબ સારી બોલી શકતા હતા અને વાજપેયીને સાંભળવા માટે લોકો ભેગા થતા હતા. વાજપેયી સાથે સરખામણી કરતા ઉમાએ કહ્યું છે કે, તેમની રેલીઓમાં મોટી સંખ્યામાં લોકો તેમને સાંભળવા માટે નહીં બલ્કે તેમના સમર્થન માટે આવી રહી છે. ઉમા ભારતીએ ઝાંસીમાં એક રેલી દરમિયાન આ મુજબની વાત કરી હતી. રેલીને સંબોધતા ઉમાએ કહ્યું હતું કે, અટલ બિહારી વાજપેયી જેવી વ્યક્તિ બીજી કોઈ શકે નહીં. જો ધ્યાનથી સાંભળવામાં આવે તો જાણવા મળશે કે મોદી એટલા સારા વક્તા રહ્યા નથી. મોદીની અગાઉ પણ ઉભા ભારતી અનેક વખત ટિકા કરી ચુકી છે. મોદીને વિનાશ પુરુષ તરીકે પણ ઉમા કહી ચુક્યા છે. ઉમા ભારતીને આ નિવેદન અંગે પૂછવામાં આવતા હવે તેમનું વલણ બદલી રહ્યા છે.

## સબસિડી વિનાના સિલિન્ડરની કિંમત ઘટી

નવીદિલ્હી,તા. ૧

સબસિડી વગરના ગેસ સિલિન્ડરની કિંમતમાં ૧૦૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. ગ્રાહકોને વાર્ષિક ૧૨ સિલિન્ડર મળે છે. આ ક્વોટા બાદ મળનાર સિલિન્ડરની કિંમત હવે દિલ્હીમાં ૧૦૮૦.૫૦ રૂપિયાથી ઘટીને ૯૮૦.૫૦ રૂપિયા થશે. વૈશ્વિક બજારમાં પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈને આ નિર્ણય કરવામાં આવ્યો છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, એટીએફની કિંમતમાં પણ ચાર ટકાનો એટલે કે ૩૦૨૫.૩૫ પ્રતિકિલોલીટર ઘટાડીને ૭૧૮૦૦.૨૧ રૂપિયા પ્રતિ કિલોલીટર કરવામાં આવ્યો છે. એટીએફની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યા બાદ વિમાની ભાડામાં કોઈ ઘટાડો કરાશે કે કેમ તેને લઈને એરલાઈને કોઈ પ્રતિક્રિયા આપી નથી. એલપીજી ઉપર નુકસાન હજુ ૫૦૫.૫૦ રૂપિયા છે.

**યુપીએ-૩ આવશે તો મહિલા અનામત બિલ પસાર**

## ચૂંટણી બાદ ગુજરાત મોડલનો ફુગ્ગો પણ ફુટી જશે : રાહુલ

રાંચી,તા. ૧

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ પણ આજે પ્રચારના ભાગરુપે કોંગ્રેસની જવાબદારી યથાવતરીતે જાળવી રાખી હતી અને ગુજરાત મોડલ ઉપર પ્રહાર કર્યા હતા. રાહુલે કહ્યું હતું કે, લોકસભાની ચૂંટણી પૂર્ણ થઇ ગયા બાદ વિકાસના ગુજરાતના વિકાસ મોડલની હવા નીકળી જશે. ૨૦૦૪ અને ૨૦૦૯ની ચૂંટણીમાં જે રીતે ભાજપના ઇન્ડિયા સાઇનિંગની હવા નિકળી ગઈ હતી તેજ રીતે આ ચૂંટણીમાં પણ ગુજરાત મોડલ ખુલ્લો પડી જશે. ઝારખંડના ગોડ્ડા જિલ્લામાં ચૂંટણી રેલીને સંબોધતા રાહુલે કહ્યું હતું કે, ૨૦૦૪માં ભાજપે ઇન્ડિયા સાઇનિંગ વાત કરી હતી પરંતુ ચૂંટણી બાદ તેની હાલત કફોડી બની હતી. આવી જ રીતે ૨૦૦૯માં ભાજપે ફરીવાર




ઇન્ડિયા સાઇનિંગ પ્રચારની વાત કરી હતી. અમે એ વખતે પણ લોકોની મુખ્ય સમસ્યાઓ સાથે આગળ વધ્યા હતા. અમે નરેગા સાથે આગળ વધ્યા હતા જેથી લોકોએ અમને મત આપ્યા હતા. હવે વિરોધ પક્ષો ગુજરાત મોડલ સાથે આગળ વધી રહ્યા છે અને ફુગ્ગામાં હવા ભરી રહ્યા છે અને હવામાં ઉડાડી રહ્યા છે પરંતુ ચૂંટણી બાદ આ ફુગ્ગાની હવા પણ નિકળી જશે. રાહુલે યુપીએ-૧ અને યુપીએ-૨ સરકારની કામગીરીનો ઉલ્લેખ કર્યો હતો. છેલ્લા ૧૦ વર્ષની અંદર સરકાર દ્વારા ઉલ્લેખનીય કામગીરી કરવામાં આવી છે. ગાંધીએ વચન આપ્યું હતું કે, જો યુપીએ-૩ સત્તા ઉપર આવશે તો મહિલા અનામત બિલ પસાર કરી દેવામાં આવશે. તમામ લોકોને વધુ અધિકારો આપવામાં આવશે. આરોગ્ય ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાશે. ગુજરાત મોડલની વાત કરવામાં આવ્યા બાદ રાહુલ ગાંધીને હવે આ મુદ્દે પણ લોકોની નારાજગીનો સામનો કરવો પડે તેવી શક્યતા છે.

## સેંસેક્સ-નિફ્ટી નવી સપાટી પર

મુંબઈ,તા. ૧

શેરબજારમાં આજે ઓલટાઈમ હાઈ સપાટી જોવા મળી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૬૦ પોઈન્ટ સુધરીને ૨૨૪૪૬ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૬૭૨૧ની સપાટીએ રહ્યો હતો તેમાં ૧૭ પોઈન્ટનો સુધાર થયો હતો. આરબીઆઈની પોલીસી સમીક્ષા જારી કરવામાં આવ્યા



બાદ શેરબજારમાં તેની કોઈ મોટી અસર જોવા મળી ન હતી. બીએસઈ સેંસેક્સ નવેસરથી ઉંચી સપાટીએ રહ્યો હતો. ટેકનોલોજી, ઓઈલ એન્ડ ગેસ અને ફાર્મામાં તેજી જોવા મળી હતી. જો કે, રેટલક્ષી શેરમાં અફડાતફડી રહી હતી. રિઝર્વ બેંકે યથાસ્થિતિ આજે વ્યાજદરમાં જાળવી હતી. આરબીઆઈને રેપોરેટને આઠ ટકા, રિવર્સ રેપોરેટને સાત ટકા અને સીઆરઆરને ચાર ટકાના દરે યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો. પોલીસી સમીક્ષા જારી કરાયા બાદ મોટાભાગના નિષ્ણાતો માની રહ્યા છે કે બજાર માટે કોઈ સારી ચીજ દેખાઈ રહી નથી. આરબીઆઈએ મુખ્યરીતે ફુગાવા ઉપર ધ્યાન કેન્દ્રીત કર્યું છે. નિફ્ટી નજીવા સુધારા સાથે બંધ રહ્યો હતો. સેંસેક્સ ઈન્ટ્રા ડે દરમિયાન ૨૨૪૮૬ની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૦૪ ટકાનો ઉછાળો રહ્યો હતો જ્યારે બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૫૫ ટકાનો ઉછાળો રહ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો બેંકેક્સમાં ૧.૮ ટકાનો ઘટાડો રહ્યો હતો જ્યારે કેપિટલ ગુડ્ઝ ઈન્ડેક્સમાં ૦.૩૨ ટકાનો ઘટાડો અને બીએસઈ રિયાલીટીમાં ૦.૮૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. આઈટી ઈન્ડેક્સમાં ૧.૬૫ ટકાનો સુધારો થતાં ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં ૧.૦૯નો સુધારો થયો હતો. એસ એન્ડ પી બીએસઈ હેલ્થકેર ઈન્ડેક્સમાં ૦.૫૪ ટકાનો ઉછાળો આવ્યો હતો. આજે શેરબજારમાં કારોબાર દરમિયાન જે શેરમાં તીવ્ર ઉછાળો નોંધાયો હતો તેમાં વિપ્રોમાં ૩.૪૬ ટકા, પાવર ગ્રીડ કોર્પોરેશનમાં ૨.૮૧ ટકા અને બેંક ઓફ બરોડામાં ૨.૧૨ ટકાનો સુધારો રહ્યો હતો. કેટલાક શેરમાં ઘટાડો પણ રહ્યો હતો જેમાં બીપીસીએલમાં ૩.૦૯ ટકા, હિન્ડાલ્કોમાં ૨.૭૨ ટકા, કોટક બેંકમાં ૨.૩૧ ટકાનો ઘટાડો રહ્યો હતો.

**કેજરીવાલના રોડ શોમાં લાખો લોકો જોડાયા**

## બાળકની રમતવાળી ટિપ્પણી રાહુલ માટે હતી : કેજરીવાલ

નવીદિલ્હી,તા. ૧

આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે લોકસભાની ચૂંટણીના નવ દિવસ પહેલા દિલ્હીના ચાંદની ચોક મતવિસ્તારમાં બ્રિટાનિયા ચોક વિસ્તારમાં રોડ શો યોજીને લોકોને પોતાની તરફ ખેંચવાના પ્રયાસ કર્યા હતા. ચાંદની ચોક વિસ્તારમાં કેજરીવાલના રોડ શોમાં મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. કેજરીવાલની એક ઝલક મેળવવા પડાપડી થઈ હતી. ખુબ જ સંકુચિત ગણાતા વિસ્તારમાંથી કેજરીવાલની ૨૦થી વધુ ગાડીઓનો કાફલો પસાર થયો હતો. આ રોડ શોના પરિણામ સ્વરુપે ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી અને લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. કેજરીવાલ ખુલ્લી જીપમાં એએપીના ચાંદનીચોકના ઉમેદવાર આસુતોષ સાથે દેખાયા હતા. કેટલાક નિવાસીઓ સાથે હાથ પણ મિલાવ્યા હતા. દરમિયાન કેજરીવાલે કોંગ્રેસ પ્રમુખ સોનિયા



ગાંધી ઉપર આજે પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, સોનિયા ગાંધીની આ ટિપ્પણી તેમના ઉપર નહીં પરંતુ રાહુલ ગાંધી ઉપર લાગુ થાય છે. આજે સવારે કેજરીવાલે પ્રચાર દરમિયાન કહ્યું હતું કે, સરકાર ચલાવવાની બાબત બાળકોની રમત નથી તેવા સોનિયા ગાંધીના અભિપ્રાય તેમના ઉપર લાગૂ પડતા નથી બલ્કે રાહુલ ગાંધી ઉપર લાગુ થાય છે. સોનિયા ગાંધીએ પોતાના પુત્ર અંગે આ પ્રકારની વાત કરવી જોઈતી ન હતી. રાહુલ ચોક્કસપણે બાળક જેવા લાગે છે પરંતુ હવે તેઓ ૪૩ વર્ષના થઈ ચુક્યા છે. કેજરીવાલની પાર્ટીએ દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ૨૮ બેઠકો જીતી હતી પરંતુ ૪૯ દિવસ બાદ કેજરીવાલને રાજીનામુ આપવાની ફરજ પડી હતી. વિરોધી પાર્ટીઓએ તેમના ઉપર અરાજકતા ફેલાવવાનો આક્ષેપ કર્યો હતો. આજ કારણસર સોનિયા ગાંધીએ નામ લીધાવગર કેજરીવાલ ઉપર પ્રહાર કર્યા હતા.

## બિહાર : પ્રથમ દોરના મતદાન વેળા હુમલાઓ થવાનો ખતરો

નવી દિલ્હી,તા. ૧

બિહારમાં લોકસભાની ચૂંટણીના પ્રથમ દોરના મતદાનને લઈને ચૂંટણી પંચે તમામ તૈયારી કરી લીધી છે. પંરતુ ચૂંટણી પંચને પણ ચિંતા સતાવી રહી છે કે બિહારમાં પ્રથમ દોરના મતદાન દરમિયાન હિંસા થઈ શકે છે. જેના કારણે સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. બિહારમાં શાંતિપૂર્ણ મતદાન થાય તે માટે પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનો ગોઠવીદેવામાં આવ્યા છે. બિહારમાં ૧૦મી એપ્રિલના દિવસે જમુઈ અને અન્ય પાંચ માઓવાદીગ્રસ્ત લોકસભા મતવિસ્તાર સાસારામ, કારાકત, ઓરંગાબાદ, ગયા અને નવાડામાં મતદાનને લઈને વહીવટીતંત્ર દ્વારા કમર કસી લેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૦૫માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી દરમિયાન ગયામાં બે ઉમેદવારોની હત્યા કરી દેવામાં આવી હતી. ઉપરાંત જેહાનાબાદમાં જેલ તોડવાનો બનાવ બન્યો હતો. નક્સલવાદીઓ ચૂંટણી બહિષ્કાર કરવાની પહેલાથી જ વાત કરી ચુક્યા છે. જેથી તેઓ તેમના મજબુત ગઢમાં હાજરી પુરાવવા માટે તૈયાર છે. પોલીસ સુત્રોએ કહ્યું છે કે ઉમેદવારોને પહેલાથી જ ધમકી પણ મળી ચુકી છે. તેમના ખતરનાક ઈરાદા દર્શાવતા કેટલાક દસ્તાવેજો મળી આવ્યા છે. આશરે ડઝન જિલ્લાઓમાં માઓવાદી તેમની હાજરી ધરાવે છે.

માત્ર પોલીસ જવાનો જ નહી બલ્કે, વહીવટીતંત્રના અધિકારીઓ અને ઉમેદવારો પણ ચિંતાતુર બનેલા છે. રેડ ટેરરિસ્ટના રહેલા ખતરાને પહોંચી વળવા માટે તંત્ર દ્વારા તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. આગામી દિવસોમાં પેટ્રોલિંગ વધારે તીવ્ર બનાવવામાં આવેતેવી શક્યતા છે.માઓવાદી બિહારમાં પહેલાથી સક્રિય થયેલા છે. અનેક વખત મોટા હુમલા પણ કરી ચુક્યા છે. જેથી બિહાર સરકાર, કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ બિહારમાં મતદાનને લઈને વધારે સાવધાન છે.

## સમાચાર ઝલક

- વડોદરામાં વેપારીની હત્યાથી ચોકસી બજાર બંધ રહ્યું.
- મુંબઇમાં બેસ્ટ બસનાં કર્મચારીઓની હડતાળ.
- દિલ્હીમાં સસ્તી વીજળી-પાણી હવે બંધ થશે.
- ચીનમાં કેટલાક વિસ્તારોમાં વરસાદ સાથે વાવાઝોડું ફૂંકાયું.
- એર ઇન્ડિયા પ્રતિદિન ૧૧ કરોડની ખોટ કરે છે.
- રાજકોટમાં આતંકવાદીઓ જેવો આતંક, પોલીસની નિષ્કીયતા.
- રિઝર્વ બેંકે નાણાંનીતિમાં કોઇ ફેરફાર કરેલ નથી.
- પેઢીનામા નહિ કરવાના તલાટીઓના નિર્ણયથી પ્રજા પરેશાન.
- ઇઝરાયેલના વડાપ્રધાન લાંચરૂશ્વત કેસનાં ગુનામાં દોષી સાબિત થયા.
- આચારસંહિતાના કારણે ડિઝલમાં ભાવવધારો અટક્યો.
- દિલ્હીમાં નરેન્દ્ર મોદીનું હેલિકોપ્ટર રોકવામાં આવ્યું.
- આજથી ૧૨ સબસીડી વાળા ગેસ સિલિન્ડર મળશે.
- સૂરતમાં ૬૦ બાઇક ચોરનાર રીઢો ચોર પકડાયો.
- જામનગરમાં ઉર્સ નિમિત્તે ઘોડા રેસ અને ગાડા રેસ યોજાઇ.
- મોડાસાને મોરબીમાં બળાત્કાર આરોપીઓને ૭ વર્ષની સજા ફટકારાઇ.
- ઓટો રીક્ષા પર ચૂંટણી સંબંધી પોસ્ટર લગાવવા બદલ દિલ્હીમાં દંડ થશે.
- શેરડીના પોષણક્ષમ ભાવો જાહેર થતાં ખેડૂતોમાં આનંદ.

### નવાં ક્લેવર (પાના નં. ૪ નું ચાલુ)

ત્યાં વહુનો જોરથી રડવાનો અવાજ આવ્યો. કોઇ સંબંધી આવ્યું હતું. દીકરો તેને છાની રાખવા લાગ્યો. ‘ગીતા બસ હવે સવારથી તું રડી રહી છે. તારી તબિયત બગડશે. તારે મુંબઇ જતા જ બોસની સાથે ટૂર પર બહાર જવાનું છે.’

ભાડુઆતની વહુ કહી રહી હતી. ‘ગીતા ભાભી છાનાં રહો. બા એ આપણને સૌને ખુબ પ્રેમભાવ આપ્યો હતો. તમને તો કદી તેમને વહુ માનેલ નહીં.’ દીકરી જ ગણતાં હતા. બેટા બેટા, કહેતાં તેમની જીભ સુકાતી નહોતી. હંમેશા તમારી અને બટુકની ચિંતા કરતા કરતા.

દિનેશભાઇ વિચારવા લાગ્યા. ગીતાને તો દયાએ હંમેશા દીકરી જ ગણી પણ શું તેણે ક્યારેક તેને માં નો દરજ્જો આપ્યો ખરો. જે ગૌરવની તે માં હતી તેણે પણ ક્યારેય તેનું માન રાખ્યું? અંતિમ સમયમાં પણ પોતાના દીકરાને સાસુ-સસરાં પાસે મુકીને આવી ગયો. જીવતાં જીવત પુત્ર-પૌત્રને તલસતી માં તો મહાપ્રયાણ કરી ચુકી હતી. હવે એ બધું વિચારવાથી શું ફાયદો? ગરમ ગરમ આંસુના ટીંપા તેમના પોતાના ગાલને ભીંજવી રહ્યાં હતા. ત્યાં કોઇએ સાંત્વના સભર હાથ તેમના ખભે મુક્યો. તેમણે આશા ભરી નજરે પાછળ ફરીને જોયું. કદાચ દીકરો હોય, પણ ના દીકરો તો વહુને જયુસ પીવડાવી રહ્યો હતો. તેમની પાસે તો ભાડુઆત રજનીભાઇ ઉભા હતા. તેમના મનનું દુઃખ સમજતાં એ સાચા સાથીદાર હતા. આજે દિનેશભાઇનો પૂર્ણપણે મોહભંગ થઇ ગયો હતો.

-vanvihari@gmail.com

## ટીએમસી સાથે જોડાણ કરવા કોંગ્રેસનો ઇન્કાર

નવી દિલ્હી,તા. ૧

કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધીએ તૃણમૂલ કોંગ્રેસના નેતા મમતા બેનર્જી સાથે હાલમાં કોઈ જોડાણ કરવાની શક્યતાને નકારી દીધી છે. કેન્દ્રીય પ્રધાન અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામનબી આઝાદે બે વખત મમતા બેનરજી સાથે હાલમાં વાતચીત કરી હતી. જો કે સોનિયા ગાંધીનું કહેવું છે કે ટીએમસી સાથે જોડાણની હાલ કોઈપણ હિલચાલ નથી. મમતા બેનરજીએ પહેલાંથી જ કહ્યું છે કે લોકસભાની ચૂંટણીમાં એકલા હાથે મેદાનમાં ઉતરશે. બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલી બેઠકમાં મમતા બેનર્જીએ આ મુજબની વાતો કરી હતી. કોંગ્રેસના નેતાઓ અધિર ચૌધરી અને માનસ ભુયાન કોઈપણ સમજૂતી ટીએમસી સાથે કરવાની વાત કરી રહ્યા છે. પરંતુ પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસ પોતાની સ્થિતિને મજબૂત કરવાની ઈચ્છા ધરાવે છે. આગામી લોકસભાની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ બાદ તૃણમૂલ સૌથી મોટી પાર્ટી તરીકે ઊભરી આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. હાલમાં જુદા જુદા રાજકીય પક્ષો જોડાણ કરવામાં લાગેલા છે.

## માત્ર એક જ રૂપિયામાં વિમાની યાત્રાની મજા

નવીદિલ્હી,તા. ૧

માત્ર એક રૂપિયામાં હવાઈ યાત્રાની મજા માણી શકાય છે. હવે યાત્રી એક રૂપિયાની બેઝપ્રાઈઝ વાળી ટિકિટ લઈને સ્પાઈસ જેટ એરલાઈન્સના સ્થાનિક નેટવર્ક ઉપર ઉંડાણ ભરી શકે છે. સ્પાઈસ જેટે આજે સ્થાનિક ઉંડાણ માટે ટિકિટોની ત્રણ દિવસની સેલની જાહેરાત કરી હતી જેમાં ટિકિટોની બેઝ પ્રાઈઝ એક રૂપિયો રાખવામાં આવી છે જેમાં ટેક્સ અને વધારાની ફીનો સમાવેશ કરવામાં આવ્યો નથી. એટલે કે બેઝ પ્રાઈઝ એક રૂપિયા ઉપરાંત ટેક્સ અને વધારાની ફી ચુકવવી પડશે. સેલ મારફતે વેચવામાં આવનાર ટિકિટ સ્પાઈસ જેટની સીધી ફ્લાઈટ માટેની રહેશે. સ્પાઈસ જેટ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, પહેલી એપ્રિલથી ત્રીજી એપ્રિલ વચ્ચે સ્પાઈસ જેટની વેબસાઈટ ઉપર ટિકિટ બુક કરાવી શકાય છે.

### Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

‘એકંદરે’ આપણે બધાં જ આમ આદમી છીએ, ગલ્લી ક્રિકેટનાં નિયમો વાળા, ‘એકંદરે’ વાળાની ઈચ્છા, અપેક્ષા, ડિમાન્ડ ગમે તે હોય એમની પસંદગી પણ ‘એકંદરે’ જ હશે. આ વાત લોજીકલ છે ને? બીજું એક વાક્ય પણ હું છેલ્લા ત્રીસ વર્ષથી સાંભળતો આવ્યો છું. ‘‘ભારતીય મતદાર ગરીબ હશે, અભણ હશે પણ એની રાજકીય દૃષ્ટિ એકદમ જાગૃત હશે... મતપેટીમાંથી આપણી તાકાત સમયે સમયે આપણે દેખાડી જ દીધી છે. હમણાં હમણાં હવે આ વાક્ય સમજાવાં લાગ્યું છે!!’’

ફ્રેન્ડ્સ, તમે પોતાના વિચારથી, ચારિત્ર્યથી ભિન્ન હશો. પોતાને આમ આદમી સમજતાં હશો, પણ ભારતનો આમ આદમી વિશાળદષ્ટીથી કેવો છે એ જરા સમજી લેજો. અત્યાર સુધીના આપણા પ્રતિનીધિની પસંદગી લોકસભ્ય, ધારાસભ્ય, સરપંચ કે મહાપૌર આપણે જ કરી છે, એકાદી વખત એ પસંદગીમાં ભૂલ પણ કરી હશે તો પશ્ચાતાપ રૂપે બીજી ચૂંટણીમાં સુધારી પણ લીધી હશે, એ જરા યાદ કરજો.

‘આમ આદમી’ના નામે ચરી ખાવા નીકળેલા નેતાને પણ ઓળખી લેવાં જરૂરી છે, તમારા પાર્ટી કરીને વિધાનસભા - સંસદસભાના ચલાવાય, અનામતની લૉલીપોપ અને મફત વસ્તુની લહાણીથી દેશની દલિત અને ગરીબ જનતાને હજુ કેટલી પછાત રાખવાની દુષ્ટતા આપણે ચલાવી લેવાની? ‘વિકાસ’ની વાત મજાની છે, પણ વિકાસ કોનો? નોકરીના ફિક્સ પગારથી લઈ બેરોજગારી અને જમીનનાં આકાશે અડતાં ભાવોનાં મુદ્દાઓ કેમ ગળી જવાય છે? તમારી આસપાસ ફરકતાં વિવિધ સેવકોને તેઓ શું કરી આપશે? અથવા તમારે શું જોઈએ છે ની યાદી પકડાવી પછી મતની વાત કરજો. આપણે ‘આમ આદમી’ જરૂર છીએ પણ પ્રામાણિક, સજ્જન, બિકણ, શોષિત હોવા છતાં મુર્ખ નથી એ બની બેઠેલાં ખાસ આદમીને સમજાવી દેજો!!

ચૂંટલો :

‘આમ આદમી’ની આગળ પાછળ ફરી મતની લાખ ટપકાવતાં ‘ખાસ આદમી’માંથી જો કોઈ જ પસંદ ના હોય તો નારાજગીની જરૂર નથી આ વખતે ‘નોટા’ જેવું હથિયાર હાથવગું જ છે, બટ, યસ ઉપયોગ કરો અને ‘આમ આદમી’ની તાકાત બતાવો.